પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૮ | ૨૦ જાન્યુઆરી, ૨૦૨૦, સોમવાર; પોષ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

શિરડી બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ

સાંઇ જન્મસ્થાન વિવાદ મામલે શિરડી બંધનું એલાન : શિરડીમાં દુકાનો, હોટલો, વેપારી પેટીઓ, વાહનો બંધ રહ્યા
શિરડી બંધના એલાન છતાં મંદિરમાં સાંઇના દર્શન માટે શ્રદ્ધાળુઓનો ધસારો યથાવત રહ્યો : પૂજા-અર્ચના મંદિરમાં કરાઇ

મુંબઈ, તા. ૧૯

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે તરફથી સાંઈબાબાના જન્મ સ્થાનને લઈને આપવામાં આવેલા નિવેદનથી વિવાદ થયા બાદ આ વિવાદ હજુ જારી રહે તેવી શક્યતા છે. આજે શિરડી બંધના એલાનની માઠી અસર થઈ હતી. બજારો સંપૂર્ણપણે બંધ રહ્યા હતા. માર્ગો ઉપર વાહનો પણ દેખાયા ન હતા. જનજીવન ઉપર માઠી અસર થઈ હતી. તમામ જગ્યાએ સન્નાટો જોવા મળ્યો હતો. શિરડીમાં દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ અને જુદા જુદા વેપારી એકમો બંધ રહ્યા હતા. સાંઈ મંદિરમાં પૂજા

યથાવતરીતે થઈ હતી. આવી સ્થિતિમાં મંદિરમાં સાંઈના દર્શન માટે આવેલા શ્રદ્ધાળુઓને ઘણી મુશ્કેલી નડી હતી. બંધના એલાન છતાં મંદિરની બહાર શ્રદ્ધાળુઓ નજરે પડ્યા હતા. મંદિર ન્યાસ અને અહેમદનગર જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ કહ્યું હતું કે, બંધ અડધી રાત્રે શરૂ થયા બાદ તેની અસર આજે દિવસમાં જોવા મળી હતી. શિરડીમાં સાંઈ મંદિર શ્રદ્ધાળુઓ માટે ખુલ્લુ રહ્યું હતું. શ્રદ્ધાળુઓએ પૂજા પણ કરી હતી. શિરડી મંદિરના પ્રસાદ અને લાડૂ માટે કેન્દ્રો ઉપર લાંબી લાઈનો જોવા

● અનુસંધાન પાન-૭ પર

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પાંચ લાખ કરોડ ખર્ચ કરાશે : ગડકરી

નવી દિલ્હી, તા.૧૯

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે કહ્યું હતું કે, આ વર્ષે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ ઉપર તેમના મંત્રાલય દ્વારા પાંચ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. મહારાષ્ટ્રના નાગપુરમાં વીએનઆઈટીના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં વાત કરતા ગડકરીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૧૭ લાખ કરોડ રૂપિયાના કોન્ટ્રાક્ટ તેમના દ્વારા આપવામાં આવી ચુક્યા છે. આ વર્ષે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ ઉપર ખર્ચમાં આંકડો પાંચ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. તેમણે કહ્યું હતું કે, નાણાંની કોઈ પણ કમી દેખાઈ રહી નથી.

છ વર્ષમાં ૨૮૩૮ પાકિસ્તાનીને દેશની નાગરિકતા

ચેન્નાઈ, તા. ૧૯

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને આજે નાગરિક સુધારા કાનૂન ૨૦૧૯ સામે ચાલી રહેલા રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન વચ્ચે કહ્યું હતું કે, પાકિસ્તાનમાંથી આવેલા ૨૮૩૮ જેટલા લોકોને છેલ્લા છ વર્ષના ગાળામાં નાગરિકતા આપવામાં આવી ચુકી છે. ચેન્નાઈમાં પ્રોગ્રામ ઓન સિટિઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ પર વાત કરતા સીતારામને આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, છેલ્લા છ વર્ષના ગાળામાં ૨૮૩૮ પાકિસ્તાની

નિર્મલા સીતારામને રજૂ કરેલા તમામ આંકડા : ૧૯૬૪થી ૨૦૦૮ વચ્ચે ચાર લાખ તમિળ લોકોને દેશની નાગરિકતા

શરણાર્થી, ૯૩૪ અફઘાન શરણાર્થી અને ૧૭૨ બાંગ્લાદેશી શરણાર્થીઓને ભારતની નાગરિકતા આપવામાં આવી ચુકી છે. તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૧૪ સુધી પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા ૫૬૬ મુસ્લિમોને ભારતની નાગરિકતા આપવામાં આવી હતી જ્યારે ૨૦૧૬-૧૮ના ગાળામાં મોદી શાસન હેઠળ ૧૫૯૫ પાકિસ્તાની શરણાર્થી અને ૩૯૧ અફઘાન મુસ્લિમોને ભારતની નાગરિકતા આપવામાં આવી છે. પ્રધાને એમ પણ કહ્યું હતું કે, ૨૦૧૬માં આજ ગાળા દરમિયાન અદનાન સામીને પણ ભારતની નાગરિકતા આપવામાં આવી હતી જે એક ખુબ શાનદાર દાખલા તરીકે છે. સીતીરામને વિરોધ પ્રદર્શન વચ્ચે કહ્યું હતું કે, હજુ પણ મોટી સંખ્યામાં લોકો એવા છે જે

● અનુસંધાન પાન-૭ પર

બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર અત્યાચાર નથી થતો : શેખ હસીના

ઢાકા,તા.૧૯

સીએએ-એનઆરસી ભારતનો આંતરિક મામલો છે તેવુ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાનુ કહેવુ છે. અખાતી દેશના અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યુ હતુ કે, ભારત પહેલેથી જ કહેતુ રહ્યુ છે કે, એનઆરસી અમારો આંતરિક મામલો છે. પીએમ મોદીએ પણ મને આ વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે, બાંગ્લાદેશમાં અત્યાચારના કારણે લઘુમતીઓએ પલાયન કર્યુ છે તે વાત ખોટી છે. એ જ રીતે ભારતથી કોઈ બાંગ્લાદેશમાં આવ્યુ નથી પણ ત્યાંના લોકોને મુશ્કેલી પડી રહી છે. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશની વસતી ૧૬ કરોડ છે અને તેમાંથી ૧૦ ટકા વસતી હિન્દુઓની છે.જ્યારે માત્ર ૦.૦૬ ટકા જ બૌધ્ધ છે.

આજે પ્રધાનમંત્રીની 'પરીક્ષા પે ચર્ચા' દેશના વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ

દિલ્હીના ટાલકટોરા મેદાનમાં કાર્યક્રમનું આયોજન : પરીક્ષાઓ પૂર્વે વડાપ્રધાન વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપશે : કરોડો વિદ્યાર્થી કાર્યક્રમને ભારતમાં લાઇવ જોશે

નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વિદ્યાર્થીઓની સાથે પરીક્ષા પર ચર્ચા કરનાર છે. આ ખાસ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રશ્નો કરવાની તક આપવામાં આવનાર છે. દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે આયોજિત થનાર આ કાર્યક્રમને લઈને તડામાર તૈયારી પૂર્ણ થઈ ચુકી છે. વડાપ્રધાનની સાથે આ કાર્યક્રમમાં આ વખતે અન્યોને પ્રશ્નો કરવાની તક આપવામાં આવનાર નથી. વાતચીત અને ચર્ચા દરમિયાન વડાપ્રધાન વિદ્યાર્થીઓની સાથે કેટલાક ખાસ મુદ્દા પર વાત કરશે. સાથે સાથે ઉપયોગી સલાહ સુચન પણ કરનાર છે. પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમની ત્રીજી એડિશન તૈયાર કરવામાં આવી રહી છે. આ વખતે માત્ર વિદ્યાર્થીઓને જ વડાપ્રધાન સાથે પ્રશ્નો કરવાની તક રહેશે. આ કાર્યક્રમને હોસ્ટ કરવાની જવાબદારી પણ વિદ્યાર્થીઓની જ રહેશે. એંકરિંગ માટે બે વિદ્યાર્થીઓ અને બે વિદ્યાર્થીનિઓની પસંદગી કરવામાં આવી છે. પહેલા બે કાર્યક્રમના સંચાલન માટે પ્રોફેશનલ એન્કરને રોકવામાં આવ્યા હતા. અમે દેશભરમાંથી નવમા ધોરણથી લઈને ૧૨ ધોરણ સુધીના વિદ્યાર્થીઓની આના માટે પસંદગી કરી છે. આ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૦ રાખવામાં આવી છે. જે તાલકટોરા સ્ટેડિયમ ખાતે સામેલ થનાર છે. આશરે ત્રણ લાખ વિદ્યાર્થીઓ વચ્ચે નિબંધ લેખન અને ટેસ્ટના આધાર પર વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. બીજી બાજુ ૧૫ કરોડથી વધારે સ્કુલી વિદ્યાર્થીઓ આ કાર્યક્રમને લાઈવ નિહાળશે.

કેજરીવાલનું ગેરંટી કાર્ડ : વીજળી, પાણી, સારવાર અને શિક્ષા ફ્રી આપવા વાયદો

પ્રદૂષણને ઘટાડી દેવા માટે બે કરોડથી વધુ વૃક્ષો લગાવાશે : વિદ્યાર્થીઓને મફત બસ મુસાફરી : કેજરીવાલ

નવીદિલ્હી, તા. ૧૯

દિલ્હી વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ ખુબ સક્રિય દેખાઈ રહ્યા છે. કેજરીવાલે આજે વચન આપ્યું હતું કે, દિલ્હીના લોકોને હાલમાં ફ્રી મળી રહેલી સુવિધાઓ આગામી પાંચ વર્ષ પણ જારી રહેશે. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, દિલ્હીની પ્રજા માટે તેઓ કેટલાક નવા વચન પણ આપી રહ્યા છે. કેજરીવાલે પોતાની પાર્ટીના ઘોષણાપત્રને રજૂ કરતા કેટલીક વિગતો આપી હતી. આને કેજરીવાલ ગેરંટી કાર્ડ નામ આપવામાં આવ્યું છે. તેમના કહેવા મુજબ પાંચ વર્ષમાં તેઓ દિલ્હીને ચમકાવીને બતાવી દેશે. સાથે સાથે તેઓએ એમ પણ કહ્યું હતું કે, પાંચ વર્ષમાં તેઓ લોકોને યમુનામાં ડુબકી જરૂર લગાવી દેવા માટે ઈચ્છુક છે. મિડિયા સાથે વાતચીત કરતા કેજરીવાલે કહ્યું હતું કે, પહેલાથી જ લાગૂ કરવામાં આવેલી યોજનાઓ યથાવતરીતે લાગૂ રહેશે. કેટલીક એવી યોજનાઓ છે જે આગામી પાંચ વર્ષમાં પૂર્ણ થશે.

અહીં કેજરીવાલે વિજળી, પાણી, શિક્ષણ, પરિવહન, કાચી કોલોની અને યમુના ઉપર વાત કરી હતી. કેજરીવાલે જે નવા વચન આપ્યા છે તેમાં વિદ્યાર્થીઓને ફ્રી બસ સેવાની જાહેરાત કરવામાં આવી છે. હજુ સુધી દિલ્હીમાં માત્ર મહિલાઓ બસમાં ફ્રીમાં મુસાફરી કરી શકે છે. બસની જેમ જ દરેક મોહલ્લાઓમાં માર્શલ રહેશે. આને મોહલ્લા માર્શલ નામ આપવામાં આવ્યું છે. પ્રદૂષણને ઘટાડી દેવા માટે દિલ્હીમાં બે કરોડથી વધારે વૃક્ષો લગાવવામાં આવશે. યમુના નદીને સ્વચ્છ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, યમુનાને સ્વચ્છ કરવામાં હજુ પાંચ વર્ષ લાગશે પરંતુ તેઓ યમુના નદીમાં દરેક સ્નાન કરી શકે તેવું આયોજન ધરાવે છે. દિલ્હીના મુખ્યમંત્રીએ કરતા કેજરીવાલે કહ્યું હતું કે, ૨૦૦ યુનિટ ફ્રી વિજળી આગામી



વર્ષ સુધી જારી રાખવામાં આવશે. તાર અને હાઈટેન્શન વાયરથી રાહત આપવામાં આવશે. ૨૪ કલાક વિજળી દિલ્હીના સતત આપતા રહેવાની પણ કેજરીવાલે વાત કરી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૦૦૦ લીટર મફત પાણી કાચી વસ્તુમાં રહેનાર લોકો માટે સાત ચીજોનું વચન આપ્યું હતું જેમાં માર્ગ, નાણા, પાણી, શિવર, મોહલ્લા ક્લિનિક અને સીસીટીવીની ગેરન્ટી આપવામાં આવી છે. વિજળી ઉપર વાત લોકોને મળતું રહેશે. પાંચ વર્ષમાં દરેક ઘરમાં ટેન્કરથી શુદ્ધ પાણી યથાવતરીતે મળશે. શિક્ષણ અંગે વાત કરતા કેજરીવાલે કહ્યું હતું કે, ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસની જવાબદારી દિલ્હી સરકાર લેશે.

મુંબઈ મેરેથોનમાં ૭ દોડવીરોને હાર્ટ એટેક

મુંબઈ,તા.૧૯

મુંબઈમાં આજે સવારે મેરેથોન ૨૦૨૦ માં ભાગ લેવા આવેલા ૬૪ વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું, ૬૪ વર્ષિય ગજાનન મલ્જાલકર રવિવારે મુંબઈ મેરેથોન ૨૦૨૦ માં દોડી રહ્યા હતા, ત્યારે તેમને હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તે મૃત્યુ પામ્યા હતા. આ મેરેથોનમાં ૭ લોકોને હાર્ટ એટેક આવ્યો હતો. સિનિયર સિટીઝન કેટેગરીમાં દોડી રહ્યા હતા અને લગભગ ૪કિ.મી. દોડ્યા પછી તેમને અચાનક હાર્ટ એટેક આવ્યો હતો, ત્યારબાદ તેમને તાત્કાલિક બોમ્બે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. મેરેથોનમાં ભાગ લેનારા અન્ય બે લોકોને પણ હાર્ટ એટેક આવ્યા હતા, ત્યારબાદ તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અમિત શાહ જટિલ બેલગામ સરહદી વિવાદને ઉકેલી શકે : સંજય રાઉત

કલમ ૩૭૦નો ઉકેલ લાવનાર શાહ ખુબ શક્તિશાળી છે અને જટિલ વિવાદનો ઉકેલ લાવી શકે : રાઉત દ્વારા અમિત શાહની પ્રશંસા

મુંબઈ, તા. ૧૯

કર્ણાટક અને મહારાષ્ટ્રની વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા બેલગામ વિવાદને લઈને ફરી એકવાર મામલો ગરમ બની ગયો છે. કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પાએ સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, રાજ્યની એક ઈંચ જમીન પણ મહારાષ્ટ્રને આપવામાં આવશે નહીં. તેમનો આરોપ છે કે, રાજકીય ફાયદો ઉઠાવવા માટે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે આ મુદ્દાને ફરી ઉઠાવી રહ્યા છે. આજે શિવસેના સાંસદ સંજય રાવતે કેન્દ્રીયમંત્રી અમિત શાહને અપીલ કરી હતી કે, આ વિવાદનો ઉકેલ વહેલીતકે લાવવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, બેલગામમાં રહેનાર મરાઠી લોકો છેલ્લા ૭૦ વર્ષથી આ લડાઈને લડી રહ્યા છે. મહારાષ્ટ્રમાં સામેલ કરવામાં આવેલી માંગ પર ધ્યાન આપવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલો ૧૪ વર્ષથી પેન્ડિંગ રહેલો છે. તેમણે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ જે પણ નિર્ણય લેશે તે અમને મંજુર રહેશે. રાવતે કહ્યું હતું કે, અહીં લાખો મરાઠી લોકો રહે છે અને પોતાની ભાષા અને સંસ્કૃતિને પાળે છે. ભાષા વિવાદમાં ન પડવાની અમે કર્ણાટકના મુખ્યમંત્રીને અપીલ કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ
દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

દ્વિ દશાબ્દી પૂણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ
આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતી નથી તેમજ પાણી એને ભીંજવતું નથી અને વાયુ સુકવી શકતો નથી

જેનો જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે, તેમજ જેનું મરણ તેનો જન્મ તેટલો જ નિશ્ચિત છે, એટલે અપરિહાર્ય વસ્તુને માટે શોક કરવો તે યોગ્ય નથી.
જન્મ તા. ૧-૩-૧૯૪૧ સ્વ. તા. ૨૦-૧-૨૦૦૦
સદ્‌ગત શેઠ શ્રી જીવણભાઈ માધાભાઈ ચૌધરી (પામોલ)
કન્યા કેળવણીના કર્ણધાર એવા શ્રી જે. એમ. ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલયના સ્થાપક, મુખ્યદાતા તેમજ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના આદ્યસ્થાપક અને પૂર્વ પ્રમુખ
લિ.
માતુશ્રી જોઈતીબા વેલજીભાઈ ચૌધરી શૈક્ષણિક સંકુલ
શ્રી પી. કે. ચૌધરી મહિલા વિનયન કોલેજ
શ્રી ડી. ડી. ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટ (MCA)
માતુશ્રી એસ. એમ. ચૌધરી મહિલા અધ્યાપન કોલેજ
શ્રી પી. એમ. ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (B.Ed.)
શ્રી એસ. વી. ચૌધરી એમ. એડ. કોલેજ (M.Ed.)
શ્રીમતી એસ. એમ. ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટ (BCA)
શ્રીમતી પ્યોતિબેન એમ. ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુ. એપ્લી (BCA)
શ્રી ચૌધરી કોમર્સ કોલેજ (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)
ચૌધરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ
શેઠ શ્રી જે. એમ. ચૌધરી રે. ટ્રસ્ટ, ગાંધીનગર
શ્રી જે. એમ. ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય
શ્રી જે. એમ. ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય (ઉ. વિ.)
શ્રી જે. એમ. ચૌધરી સાર્વ. માધ્યમિક વિદ્યાલય
શ્રી જે. એમ. ચૌધરી સાર્વ. પૂર્વ / પ્રાથમિક વિદ્યાલય
શ્રી જે. એમ. ચૌધરી ઇંગ્લિશ મિડિયમસ્કૂલ
શ્રીમતી પી. એન. ચૌધરી મહિલા ટેકનીકલ કોલેજ છાત્રાલય
શ્રીમતી આર. એસ. ચૌધરી કન્યા વિદ્યાલય
શ્રીમતી વી. પી. ચૌધરી મહિલા વિશિષ્ટ છાત્રાલય
શ્રી જે. વી. દેસાઈ એન્ડ એન. કે. દેસાઈ મહિલા આર્ટ્સ છાત્રાલય
નોંધ. તા. ૨૦-૧-૨૦૨૦ને સોમવારના રોજ પૂણ્યતિથિ નિમિત્તે ભજન તથા તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ઈનામ વિતરણ કાર્યક્રમ સવારે ૯.૩૦ કલાકે શ્રી જે. એમ. ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે યોજેલ છે. આ પ્રસંગે સ્નેહીજનોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.